# સીનીયર સીટીઝન અંગેના કેન્દ્ર સરકારના કાયદાની વિશિષ્ટ જોગવાઈઓ

કેન્દ્ર સરકારે વર્ષ 2007માં વરિષ્ઠ નાગરિકો અને માતા પિતા માટે તેમની અંગત મિલકતોની ગેરકાયદેસર થયેલ તબદીલી, ગેરકાયદેસર ઠરાવો અને તેમને પોતાના સંતાનો પાસેથી નિયમિત રીતે મેન્ટેનન્શ મળે, તેમનાં સંતાનો તેમને પોતાના ઘરમાં રાખે તેવી ફરજ પાડવાના હેતુથી ઉપરોક્ત કાયદો ઘડ્યો છે.

સમગ્ર દેશમાં હિમાચલપ્રદેશમાં વર્ષ 2001 માં આવો કાયદો ઘડ્યો હતો. આ કાયદા હેઠળ 60 વર્ષની ઉપરની વ્યક્તિને વરિષ્ઠ નાગરિક ગણવામાં આવશે. તેઓ પોતાના પુત્ર, પુત્રી, પૌત્ર, પૌત્રી સામે કાર્યવાહી કરી શકે.

જે વારસદાર પાસે આવા વરિષ્ઠ નાગરિકની માલિકીની મિલકત હોય અથવા તેઓ તે મિલકતના વારસદાર થઈ શકે તેવા તમામ સગાસંબંધી સામે કાર્યવાહી કરી, જે તે સત્તાધિકારી તેઓને આ વરિષ્ઠ નાગરિકને સાથે રાખી તેઓને દવાદારૂ, ખોરાક પૂરો પાડવા યોગ્ય હુકમ થઈ શકે. કાયમી નિભાવખર્ચની સાથોસાથ દિન-90માં કામચલાઉ નિભાવખર્ચ ચુકવવાનો હુકમ કરવાનો રહે.

કાયદેસર કાર્યવાહી આ વરિષ્ઠ નાગરિક પોતે કે પોતાના પ્રતિનિધિ મારફત અથવા તો આ વિષયમાં કામ કરતી સંસ્થા મારફત શરૂ થઈ શકે. સરકારે દરેક કલેક્ટરકચેરીમાં સબડિવિઝન મેજીસ્ટ્રેટ કે ડેપ્યુટી કલેક્ટર કક્ષાનાં અધિકારીને ટ્રીબ્યુનલ તરીકે નિમણૂક કરી આવા હુકમો કરવાની સત્તાઓ આપી છે અને આ ટ્રીબ્યુનલ પણ સ્વયંરીતે આવી કાર્યવાહી કરી શકે છે જો કે કાયદાનું જ્ઞાન ધરાવતી વ્યક્તિઓને છોડી આવી જવાબદારી મહેસુલી અધિકારીને આપવી એ યોગ્ય લાગતુ નથી. ઉપરાંત આ કાયદા હેઠળ આજના મોંઘવારીનાં સમયમાં ફક્ત 10 હજાર, તેથી વધુ નહી માટે હુકમ થઈ શકે તેવી કલમ પણ અયોગ્ય છે. ઉપરાંત આ કાર્યવાહી માં વકીલ રોકી ન શકાય તેવી કરેલ જોગવાઈ પણ અયોગ્ય છે. જો કે આ અંગે કેરાલા હાઈકોર્ટે ચુકાદો આપી હુકમ કરેલ છે કે વકીલશ્રી રાખી શકાય. સિવિલ કોર્ટ કે સીઆરપીસીની કલમ 125 હેઠળ કરેલ કાર્યવાહી સિવાય પણ આ કાયદા હેઠળ કાર્યવાહી થઈ શકે.

જો હુકમનું પાલન ન થાયતો પોલીસ મારફત હુકમનો અમલ થઈ શકે.

આ ટ્રીબ્યુનલનાં હુકમ વિરૂધ્ધ 60 દિવસમાં એપેલેટ ટ્રીબ્યુનલમાં અપીલ કરવાની જોગવાઈ છે. જેમાં મુખ્ય અધિકારી કલેક્ટર રહેશે.

સરકારે દરેક જિલ્લામાં, જિલ્લા સામાજિક કલ્યાણ અધિકારીને મેન્ટેનન્શ અધિકારી તરીકે નિમણૂક કરવાની રહેશે અને તેઓ પણ માતાપિતા થતી રજૂઆત કરી શકશે.

આજ કાયદા હેઠળ વૃધ્ધાશ્રમો, દરેક જિલ્લામાં સ્થાપવા માટે સરકારે સમયબધ્ધ કાર્યવાહી કરવાની છે અને સાવ ગરીબ સ્થિતિનાં ઓછા માં ઓછા 150 વરિષ્ઠ નાગરિકોને તેમાં સમાવવાનાં રહેશે.

તે ઉપરાંત તમામ સરકારી તથા સરકારી સહાય મેળવતી હોસ્પીટલોમાં તમામ વરિષ્ઠ નાગરિકોને ખાટલો પૂરો પાડવો પડશે. અને એમાં વરિષ્ઠ નાગરીકો માટે અલગ લાઈન (હરોળ) ની વ્યવસ્થા કરવાની રહેશે.

જો કોઈ વ્યક્તિ વરિષ્ઠ નાગરિકને પોતાની સારસંભાળમાંથી મુક્તિ મેળવવા કોઈ સ્થળે છોડી મૂકે તો તે કોગ્નાઈઝેબલ એટલે કે એફઆઈઆર કરવા યોગ્ય ગુનો ગણાશે. જેમાં ત્રણ મહિના સુધીની સજા થઈ શકે.

આ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે અધિકારીઓને આ કાયદા અંગે યોગ્ય તાલીમ આપવી અને કાયદાની જોગવાઈઓને ટેલીવિઝન, રેડીયો, વર્તમાનપત્રો દ્વારા બહોળી પ્રસિદ્ધિ આપવી. આવી ઉત્કૃષ્ટ જોગવાઈઓ હોવા છતા મહિનાઓ સુધી ટ્રીબ્યુનલ માં કાર્યવાહી થતી નથી. તદ્ઉપરાંત

કાર્યવાહી કરનાર અધિકારીઓને કાયદાનું સ્પષ્ટ જ્ઞાન હજુ સુધી થયુ નથી અને તેથી તેઓ ઘણા વિલંબ બાદ અને કાયદાના હેતુઓ વિરૂધ્ધ નિર્ણયો લે છે. જે અંગે  યોગ્ય સુધારો અને કાર્યવાહી કરવી જરૂરી છે.

હાલ ગુજરાત હાઈકોર્ટમાં એવી જાહેરહીતની અરજી થયેલ છે કે આવા કેસો ચલાવવા મહેસુલી અધિકારીની સાથે કાયદાકીય જ્ઞાન ધરાવતી વ્યક્તિની નિમણૂક કરવી. ઉપરાંત મહેસુલી અધિકારી અને પોલીસ અધિકારીઓનું આ કાયદા હેઠળનું જ્ઞાન વધારવા ખાસ તાલીમ કાર્યક્રમો કરવા. ટ્રીબ્યુનલ સમક્ષનાં તમામ કેસો ત્રણ માસમાં અને ફોજદારી કેસોનો છ માસમાં નિકાલ કરવો. પોલીસ ખાતામાં આ કાયદા હેઠળનાં ગુના બાબત ખાસ સેલની રચના કરવી અને દરેક જિલ્લામાં આ કાયદા હેઠળનાં કેસો ચલાવવા ખાસ કોર્ટો બનાવવી. ઉપરાંત આ કાયદાની કેટલીક કલમો બંધારણ વિરૂધ્ધની હોઈ એ પણ પડકારેલ છે.

નિમિષ એમ. કાપડિયા, એડવોકેટ
5,બાળગાયત્રી સોસાયટી-2,
શ્યામલ ચાર રસ્તા પાસે,
સેટેલાઇટ, અમદાવાદ.
ફોન: 079-26762762, 26751545
Email-Id
mckapadiaassociates@gmail.com